પરિચય વિભાગ By www.tethtatguru.com

# સાહિત્યકારો પરિચય પાર્ટ- ૮

www.tethtatguru.com

## ઉમાશંકર જોષી

### ઉમાશંકર જોષી



ઉમાશંકર જોષી

| | |
|---|---|
| જન્મની વિગત | ૨૧ જુલાઇ, ૧૯૧૧<br>બામણા, સાબરકાંઠા જિલ્લો, ગુજરાત |
| મૃત્યુની વિગત | ૧૯ ડિસેમ્બર, ૧૯૮૮ (૭૭ વર્ષ)<br>મુંબઇ, મહારાષ્ટ્ર, ભારત |

| | |
|---|---|
| રાષ્ટ્રીયતા | ભારતીય |
| હુલામણું નામ | વાસુકિ, શ્રવણ (ઉપનામો) |
| અભ્યાસ | બી.એ., એમ.એ. |
| વ્યવસાય | સાહિત્યકાર (કવિ, નવલકથાકાર) તથા શિક્ષણ |
| ધર્મ | હિંદુ |

**ઉમાશંકર જોષી** ગુજરાતી સાહિત્યના જાણીતા કવિ અને લેખક હતા. તેઓને ૧૯૬૭માં ભારતીય અને ખાસ કરીને ગુજરાતી સાહિત્યમાં તેમના ઉમદા પ્રદાનમાટે *જ્ઞાનપીઠ પુરસ્કાર*થી સન્માનવામા આવ્યા. તેમના જીવન ઉપર રવિન્દ્રનાથ ટાગોર, મહાત્મા ગાંધી ની ભારે અસર હતી. તેઓ ગાંધી યુગના પ્રધાન સાહિત્યકાર હતા. તેઓએ સાહિત્યના અનેક ક્ષેત્રોમાં ખેડાણ કર્યું છે.

## શિક્ષણ

તેઓનું પ્રાથમિક શિક્ષણ બામણા ગામે અને માધ્યમિક શિક્ષણ ઇડરમાં થયું હતું. ૧૯૨૮માં અમદાવાદમાં ગુજરાત કોલેજથી મેટ્રિક કર્યું. તેઓ ૧૯૩૬માં અમદાવાદમાં બી.એ. થયા અને મુંબઈની એલ્ફિસ્ટન કોલેજમાંથી ૧૯૩૮માં એમ.એ. ઉત્તીર્ણ કર્યું.

## અંગત જીવન

તેઓ ગુજરાત રાજ્યના સાબરકાંઠા જિલ્લાના બામણા ગામે ૨૧ જુલાઈ ૧૯૧૧ (અષાઢ વદ ૧૦ વિ.સં. ૧૯૬૭) ના દિવસે જન્મ્યા હતા. તેમના માતાનું નામ નવલબેન અને પિતાનું નામ જેઠાલાલ કમળજી જોષી હતું. તેમના માતા - પિતાને કુલ નવ સંતાન હતા જેમાં ઉમાશંકર ત્રીજા ક્રમાંકે હતા. વયાનુક્રમે તેમના સંતાનો નામ: રામશંકર, છગનલાલ, ઉમાશંકર, ચૂનીલાલ, પ્રાણજીવન, કાન્તિલાલ, જશોદાબેન, કેસરબેન, દેવેન્દ્ર. ૧૯૩૭માં તેઓનું લગ્ન જ્યોત્સનાબેન સાથે થયું. તેમની પુત્રીઓના નામ નંદિની અને સ્વાતિ છે.

ટેટ-૧ , ટેટ-૨ . એચ.ટાટ, ટાટ,, પોલીસ કોન્સ્ટેબલ, ક્લાર્ક તથા અન્ય પરિક્ષાઓની તૈયારી માટે તથા પ્રાથમિક શાળાના શિક્ષકો માટે જનરલ નોલેજ વધારવા ખાસ ઉપયોગી ઓનલાઇન એન્ડ્રોઇડ એપ્લીકેશન ડાઉનલોડ કરવા Play Store મા TET HTAT GURU લખી સર્ચ કરો. અને પરિક્ષાની મહતમ તૈયારી કરો

## રચનાઓ

- મુખ્ય કૃતિ - નિશીથ (મધ્ય રાત્રિનો દેવતા)
- કવિતા- વિશ્વશાંતિ, ગંગોત્રી, નિશીથ, મહાપ્રસ્થાન, અભિજ્ઞ, સાતપદ
- એકાંકી- સાપના ભારા, હવેલી

ટેટ,એચ.ટાટ જેવી પરીક્ષાઓની સંપૂર્ણ તૈયારી માટે અમારી વેબ સાઇટ www.tethtatguru.com ની મુલાકાત લો.

- વાર્તાસંગ્રહો- શ્રાવણી મેળો, વિસામો
- નિબંધ સંગ્રહ – ઉઘાડી બારી
- સંશોધન – પુરાણોમાં ગુજરાત
- વિવેચન – 'અખો' એક અધ્યયન ; કવિની શ્રદ્ધા
- અનુવાદ – શાકુંતલ, ઉત્તર રામચરિત
- બાળગીત - સો વરસનો થા
- સામયિક સંપાદન: 'સંસ્કૃતિ' ૧૯૪૭-૧૯૮૪

## પુરસ્કારો/એવોર્ડ્સ

- જ્ઞાનપીઠ એવોર્ડ - ૧૯૬૭
- રણજિતરામ સુવર્ણચંદ્રક - ૧૯૩૯
- નર્મદ સુવર્ણ ચંદ્રક - ૧૯૪૭
- સોવિએત લેન્ડ નહેરૂ એવોર્ડ - ૧૯૭૩

## સભ્યપદ/હોદ્દાઓ

- પ્રમુખ - ગુજરાતી સાહિત્ય પરિષદ - ૧૯૬૮
- પ્રમુખ - સાહિત્ય અકાદમી એવોર્ડ-ગુજરાતી - ૧૯૭૮-૧૯૮૨
- ઉપ કુલપતિ - ગુજરાત યુનિવર્સિટી - ૧૯૭૦
- રાજ્યસભાના સભ્ય - ૧૯૭૦-૧૯૭૬

આ પ્રકારની વધૂ જનરલ નોલેજ ની ફાઇલ ડાઉનલોડ કરવા માટે અમારી વેબ સાઇટ www.tethtatguru.com ની મુલાકાત લો.

# ઇન્દુલાલ યાજ્ઞિક

## સવિશેષ પરિચય

**યાજ્ઞિક ઇન્દુલાલ કનૈયાલાલ, ‘પામદત્ત’, ‘સમાજશાસ્ત્રી’ (૨૨-૨-૧૮૯૨, ૧૭-૭-૧૯૭૨) : આત્મકથાકાર, નાટ્યકાર, નવલકથાકાર.** જન્મ વતન નડિયાદમાં. પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ ત્યાં જ. ૧૯૦૬માં મૅટ્રિક. ૧૯૧૦માં પદાર્થવિજ્ઞાન-રસાયણશાસ્ત્ર વિષયો સાથે મુંબઈ યુનિવર્સિટીમાંથી બી.એ. અને ૧૯૧૨માં એલએલ.બી. ૧૯૧૩ થી ૧૯૧૫ સુધી વકીલાત. તે દરમિયાન ‘હિંદુસ્તાન’ દૈનિકમાં અગ્રલેખો લખવાની શરૂઆત. ૧૯૧૫માં વકીલાત છોડી સમાજસેવા અને દેશસેવામાં જીવન સમર્પિત કરવાનો નિર્ણય. ‘નવજીવન અને સત્ય’ માસિકના તંત્રી. ૧૯૨૨માં ‘યુગધર્મ’ની શરૂઆત. દેશસેવાનું કામ છોડી થોડા વખત ફિલ્મક્ષેત્રમાં. ‘પાવાગઢનું પતન’ ફિલ્મ ઉતારી. બીજી ફિલ્મ ઉતારવાનો પ્રયત્ન અધૂરો છોડ્યો. ૧૯૩૦ થી ૧૯૩૫ સુધી

વિદેશમાં. ૧૯૩૬માં ભારત પાછા આવી વિવિધ રાજકીય આંદલનોમાં સક્રિય. ૧૯૪૨માં 'નૂતન ગુજરાત'ના તંત્રી. ૧૯૪૪માં નેનપુરમાં આશ્રમ ખોલી રચનાત્મક પ્રવૃત્તિઓ આરંભી. નર્મદ સુવર્ણચંદ્રક પ્રાપ્ત. સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી મહાગુજરાત આંદોલનના સેનાની. ઘણાં વર્ષ સુધી લોકસભાના સભ્ય. અમદાવાદમાં અવસાન.

'જીવનવિકાસ' 'ગુજરાતમાં નવજીવન', 'કારાવાસ', 'જીવનસંગ્રામ', 'કિસાનકથા' અને (મરણોત્તર) 'છેલ્લાં વહેણ' નામક પેટાશીર્ષકો નીચે પ્રગટ થયેલા 'આત્મકથા'ના છ ભાગ (૧૯૫૫, ૧૯૫૫, ૧૯૫૬, ૧૯૬૯, ૧૯૭૧, ૧૯૭૩) એમનું ગુજરાતી સાહિત્યને મહત્વનું પ્રદાન છે. આત્મકથાકારનું ભાવનાશાળી, બુદ્ધિવાદી, પુરુષાર્થી, નિખાલસ, નીડર, સ્વમાની, અધીર ને તરવરિયા સ્વભાવવાળું વ્યક્તિત્વ એમાંથી સુપેરે પ્રગટ થાય છે. લેખકનું સમગ્ર જીવન જાહેર પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલું હોવાને લીધે સિત્તેરેક વર્ષના ગુજરાત અને ભારતના રાજકીય-સામાજિક જીવનમાં ઉદભવેલાં સંચલનોનું જે ચિત્ર એમાં ઊપસી આવે છે તે દ્રષ્ટિએ આ ગ્રંથનું દસ્તાવેજી મૂલ્ય પણ ઘણું છે.

'આશા-નિરાશા' (૧૯૩૨), 'રણસંગ્રામ' (૧૯૩૮), 'શોભારામની સરદારી' (૧૯૩૮), 'વરઘોડો' (૧૯૪૩), 'અક્કલના દુશ્મન' (૧૯૫૪), 'ભોળાશેઠનું ભૂદાન' (૧૯૫૪) વગેરે રાજકીય વિષયવાળાં ભાવનાલક્ષી અને પ્રચારલક્ષી નાટકો એમણે લખ્યાં છે, તો એમની નવલકથા 'માયા' (૧૯૬૫) એક સ્ત્રીની મહાગુજરાતના રાજકીય આંદોલનની પૃષ્ઠભૂમાં આકાર લેતી પ્રણયકથા છે.

'મહાત્મા ગાંધીજીના સહવાસમાં'- પુ. ૧, ૨ (૧૯૩૩, ૧૯૩૪), 'સત્યાગ્રહ : નિષ્ફળ ને નકામું શસ્ત્ર' (૧૯૩૩), 'ચરોડા આશ્રમ' (૧૯૫૨) એ ગાંધીજીના સહવાસના ફળરૂપે રચાયેલા ગ્રંથોમાં ગાંધીજીનાં જીવન, સિદ્ધાંતો અને પ્રવૃત્તિઓની ટીકાત્મક દ્રષ્ટિએ થયેલી આલોચના છે.

'કુમારનાં સ્ત્રીરત્નો' (૧૯૨૬) રેખાચિત્ર કે વાર્તાના પ્રકારમાં ન મૂકી શકાય એવાં અનુભવચિત્રોની માળાનું પુસ્તક છે. કુમાર નામના વકીલે પોતાના સંસ્કારઘડતરમાં ભાગ ભજવ્યો હોય તેવી છ સ્ત્રીઓનાં અનુભવચિત્રો એમાં આલેખ્યાં છે. આ સર્વ ચિત્રોમાં સૂત્રરૂપે આવતા કુમારનું નોખું વ્યક્તિત્વ પણ એમાં ઊપસે છે.

'શહીદનો સંદેશ' (૧૯૩૬) એમનો ચરિત્રગ્રંથ છે. 'નાગપુર મહાસભા' (૧૯૨૧), 'ગામડાનું સ્વરાજ્ય' (૧૯૩૩), 'કિસાન જાહેરનામું' (૧૯૩૯), 'સ્વદેશી શા માટે ?' (૧૯૫૪), 'સોવિયેત દેશ' (૧૯૭૨) વગેરે એમની પરિચય-પુસ્તિકાઓ છે. 'રાષ્ટ્રગીત' (૧૯૨૨), 'મુકુલ' (૧૯૨૪) વગેરે એમનાં સંપાદિત પુસ્તકો છે. એમણે અંગ્રેજીમાં પણ 'મિ. ગાંધી ઍઝ આઈ નો હિમ' અને 'શ્યામજી કૃષ્ણવર્મા' જેવાં ચરિત્રપુસ્તકો લખ્યાં છે. (- જયંત ગાડીત)

# ઇશ્વર પેટલીકર

રણજિતરામ સુવર્ણચંદ્રક વિજેતા, જનમટીપ, ધરતીનો અવતાર, ભવસાગર, પ્રેમપંથ વગેરે નવલકથાઓના લેખક **ઇશ્વર પેટલીકર** નો જન્મ ૯-૫-૧૯૧૬ના રોજ પેટલી ગામે થયો હતો. નવલકથાઓ ઉપરાંત તેઓએ અનેક નવલિકાઓ, રેખાચિત્રો, નિબંધો પણ લખ્યા હતા.

## સવિશેષ પરિચય

**પટેલ ઈશ્વરભાઈ મોતીભાઈ, 'ઈશ્વર પેટલીકર', 'નારાયણ', 'પરિવ્રાજક' (૯-૫-૧૯૧૬, ૨૨-૧૧-૧૯૮૩) નવલકથાકાર, વાર્તાકાર, ચરિત્રકાર, નિબંધકાર.** જન્મ ચરોતરના પેટલાદ તાલુકાના પેટલી ગામમાં. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ પેટલી, મલાતજ અને સોજિત્રામા. 1935માં મૅટ્રિક. વડોદરાની પુરુષ અધ્યાપનશાળામાં તાલીમ લઈ, ૧૯૩૮માં ઉત્તમ પદની પદવી મેળવી. ૧૯૪૪ સુધી નેદરા અને સાણિયાદની શાળામાં શિક્ષણકાર્ય અને સાહિત્યસર્જનનો આરંભ. આણંદથી પ્રકાશિત થતા 'પાટીદાર' અને 'આર્યપ્રકાશ'નું સંપાદન તથા લગ્નસહાયક કેન્દ્રનું સંચાલન. 'લોકનાદ', 'ગુજરાત સમાચાર', 'સંદેશ', 'સ્ત્રી', 'નિરીક્ષક' વગેરે પત્રો-સામયિકોમાં સામાજિક અને રાજકીય વિષયો ઉપર નિયમિત કટારલેખન. ૧૯૬૦ થી અમદાવાદમાં સ્થાયી નિવાસ. પત્રકારત્વની સાથે સમાજસુધારાની પ્રવૃત્તિઓમાં ઉત્તરોત્તર વધુ સક્રિય. ૧૯૬૧માં રણજિતરામ સુવર્ણચંદ્રક. ૧૯૮૩માં હૃદયરોગના હુમલાથી અવસાન.

ગ્રામીણ સમાજ એની પૂરેપૂરી લાક્ષણિકતાઓ સાથે નિરૂપતી નવલકથાઓ અને ટૂંકીવાર્તાઓએ એમને સાહિત્યક્ષેત્રે આગવું સ્થાન અપાવ્યું છે. એમની પ્રથમ છતાં યશોદાયી નવલકથા 'જનમટીપ' (૧૯૪૪)માં મહીકાંઠાના ખેડ-ઠાકરડાની પછાત કોમનાં પાત્રો અને તેમના લોકવ્યવહારની સાથે કથાનાયિકા ચંદાની ખુમારી અને છટાનું પ્રભાવક રીતે નિરૂપણ થયું છે. એમની શ્રેષ્ઠ ગણાયેલી નવલકથા 'ભવસાગર' (૧૯૫૧)માં ગ્રામીણ સમાજની સાથે માનવીના આંતરમનની સંકુલ વાસ્તવિકતાનું કરુણ અને સ્પર્શક્ષમ આલેખન થયું છે. 'પંખીનો મેળો' (૧૯૪૮) અને તેના અનુસંધાનમાં લખાયેલી 'પાતાળકૂવો' (૧૯૪૭)માં ચોર-બહારવટિયાઓના આંતરબાહ્ય જીવનનું અને પોલીસોની ખટપટોનું રોમાંચક લાગે તેવું પણ મર્મસ્પર્શી ચિત્રણ છે. 'કાજળની કોટડી' (૧૯૪૯)માં સ્વરાજ્ય મળ્યા પછીની પોલીસતંત્રની આંટીઘૂંટીઓનું આલેખન છે. આ ઉપરાંત 'ધરતીનો અવતાર' (૧૯૪૬), 'કંકુ ને કન્યા' (૧૯૪૬) 'મારી હૈયાસગડી' (૧૯૫૦) વગેરે નવલકથાઓમાં ગ્રામપ્રદેશનાં મનુષ્યોનાં સુખદુઃખ, આશાનિરાશા, સાંત્વનો, સમસ્યાઓ, રાગદ્વેષ, ગુણદોષ વગેરેનું એમણે પોતાના નક્કર અનુભવો તથા સમુચિત ભાષાશૈલીના બળ વડે સ્પર્શક્ષમ નિરૂપણ કર્યું છે.

ગ્રામજીવનની સજીવ અને રસિક નવલકથાઓની સાથોસાથ એમણે સાંપ્રત નગરજીવનને આલેખતી 'તરુણા ઓથે ડુંગર' (૧૯૫૪), 'યુગના એંધાણ' (૧૯૬૧), 'ઋણાનુબંધ' (૧૯૬૩), 'લાક્ષાગૃહ' (૧૯૬૫), 'જૂજવાં રૂપ' (૧૯૬૭), 'સેતુબંધ' (૧૯૬૯), 'અભિજાત' (૧૯૭૧) વગેરે નવલકથાઓ પણ આપી છે. આ નગરકથાઓમાં સમયના બદલાતા જતા સંદર્ભમાં સ્ત્રી-પુરુષના સંબંધો અને લગ્નજીવનની સમસ્યાઓનું સમતોલપણે અને વાસ્તવવાદી દ્રષ્ટિએ નિરૂપણ થયું છે. એમની નવલકથાઓમાં સામાજિક સમસ્યાઓ અને એના ઉકેલો તથા નગરજીવનનાં દસ્તાવેજી ચિત્રો મોખરે રહ્યાં છે.

ટેટ-૧ , ટેટ-૨ . એચ.ટાટ, ટાટ,, પોલીસ કોન્સ્ટેબલ, ક્લાર્ક તથા અન્ય પરિક્ષાઓની તૈયારી માટે તથા પ્રાથમિક શાળાના શિક્ષકો માટે જનરલ નોલેજ વધારવા ખાસ ઉપયોગી ઓનલાઇન એન્ડ્રોઇડ એપ્પ્લીકેશન ડાઉનલોડ કરવા Play Store મા TET HTAT GURU લખી સર્ચ કરો. અને પરિક્ષાની મહ્તમ તૈયારી કરો

એમની નવલિકાઓ મુખ્યત્વે હેતુલક્ષી અને ઘટનાપ્રધાન છે. સંવેદનશીલ કથાવસ્તુ અને કલાત્મક નિરૂપણને કારણે એમની 'લોહીની સગાઈ', 'દિલનું દર્દ', 'ગૃહત્યાગ', 'મધુરાં સ્વપ્નાં', 'ચતુર મુખી' ઇત્યાદિ વાર્તાઓ હૃદયસ્પર્શી અને નોંધપાત્ર છે. સામાજિક

નીતિ-રીતિને કારણે સરળહૃદયી મનુષ્યોએ ભોગવવી પડતી યાતનાઓ અને તેનાં કરુણ-ગંભીર પરિણામો એમની વાર્તાઓનો મુખ્ય વિષય રહ્યાં છે. ‘પારસમણિ’ (૧૯૪૯), ‘ચિનગારી’ (૧૯૫૦), ‘આકાશગંગા’ (૧૯૫૮), ‘કથપૂતળી’ (૧૯૬૨) વગેરે એમના નવલિકાસંગ્રહો છે.

જીવનનો વિશાળ અનુભવ, વૈવિધ્યભર્યાં પાત્રો અને પ્રસંગો, પાત્રોનું મનોવિશ્લેષણ ગામડાની લોકબોલી, કહેવતો અને રૂઢિપ્રયોગોનો ઉચિત ઉપયોગ તથા શૈલીની સાદાઈ ને સરળતાને કારણે એમનું કથાસાહિત્ય હૃદ્ય અને લોકપ્રિય બન્યું છે.

‘ગ્રામચિત્રો’ (૧૯૪૪), ‘ધૂપસળી’ (૧૯૫૩), ‘ગોમતીઘાટ’ (૧૯૬૧) અને ‘વિદ્યાનગરના વિશ્વકર્મા’ (૧૯૬૪) એમનાં ચરિત્રલક્ષી પુસ્તકો છે. ‘ગ્રામચિત્રો’માં કટાક્ષ અને નર્મ-મર્મ દ્વારા ગામડાંના કેટલાંક પાત્રોનો પરિચય યથાતથ રીત આપ્યો છે. ‘ધૂપસળી’ની મુલાકાતોમાં ગાંધીયુગની ભાવનાઓ અને તેમને ચરિતાર્થ કરવાના પુરુષાર્થનો આલેખ છે. અહીં દાદાસાહેબ માવળંકર, રવિશંકર મહારાજ મુનિ સંતબાલજી, ડૉ. ફૂક વગેરેની મુલાકાતો દ્વારા તેમની પ્રતિભાનો પરિચય કરાવ્યો છે. ‘ગોમતીઘાટ’માં ‘ધૂપસળી’નું અનુસંધાન છે. ‘વિદ્યાનગરના વિશ્વકર્મા’ માં ભાઈકાકાના હૃદયગુણોની મુદ્રા અંકાયેલી છે.

‘જીવનદીપ’ (૧૯૫૩), ‘લોકસાગરને તીરે તીરે’ (૧૯૫૪), ‘સંસારના વમળ’ (૧૯૫૭), ‘સુદર્શન’ (૧૯૬૦), ‘મંગલ કામનાં’ (૧૯૬૪), ‘સંસ્કારધન’ (૧૯૬૬), ‘અમૃતમાર્ગ’(૧૯૬૮) વગેરે લેખસંગ્રહો એમના પત્રકારત્વની નીપજ છે. ( -નિરંજન વોરા)

**જનમટીપ (૧૯૪૪) :** પાટણવાડિયા ખેડુ ઠાકરડાની સૌથી નીચલી કોમના સામાજિક વાસ્તવને અને એના ગ્રામસમાજને ઉપસાવતી ઈશ્વર પેટલીકરની નવલકથા. ચંદા અને ભીમાનાં પ્રણયપાત્રોની આસપાસ ફરતી આ કથામાં પાટણવાડિયા કોમનું કૌવત અને હીર પ્રગટ થયા છે. ભીમાને પરણેલી, સાંઢ નાથનારી પરાક્રમી ચંદાની પૂંજો બામરોલિયો મશ્કરી કરે છે અને શરત પ્રમાણે વેરની વસૂલાત ન થાય ત્યાં સુધી ચંદા પિયર જઈ રહે છે. પછીથી ગામશાહુકારને ત્યાં ધાડમાં ભીમો ઘવાય છે ત્યારે હૉસ્પિટલમાં એની સારવાર માટે ચંદા આવે છે ખરી પણ એને સાજો કરી ટેકીલી ચંદા પાછી પિયર ચાલી જાય છે. છેવટે પિતા સાથે રહી ભીમાએ પૂંજાનુ ખૂન કરી વેર લેતાં ચંદા પાછી ફરે છે અને જનમટીપ પામેલા ભીમાનાં ઘર-ખેતરને કુશળતાથી સંભાળી લે છે. નાયિકાકેન્દ્રી કથાના નિરૂપણમાં ક્યાંક કૌતુકરાગી અભિનિવેશો પ્રવેશી ગયા હોવા છતાં ‘માનવતાનું હાર્દ પકડવામાં’ આ કથા સફળ થઈ છે. ( -ચંદ્રકાન્ત ટોપીવાળા)

**ભવસાગર (૧૯૫૧) :** ઈશ્વર પેટલીકરની ગ્રામસમાજની જડતા - નિષ્ઠુરતા નીચે રિબાતી અને એ અસહ્ય બનતાં આત્મવિલોપન કરતી નારીની વેદનાને નિરૂપતી નવલકથા. દીકરી અને અબુધ દીકરાને સૂરજને માથે નાખીને એનો પતિ આફ્રિકા કમાવા ગયો છે; ત્યાં એ દારૂજુગારની લતમાં ખુવાર થાય છે; ચોરી કરી હોવાથી ભાગીને આવી શકતોય નથી. ભવસાગરમાં એકલી સૂરજ ઝૂરે છે. પરણાવવા લાયક દીકરી માટે મૂરતિયો શોધવા એ મથે છે. સાસુ-જેઠાણી-જેઠ મદદરૂપ થવાને બદલે એને મહેણાં મારે છે. ઘરની સામે રહેતો ચિમન સૂરજની મનોવેદનાને સહી શકતો નથી, તે એનો આધાર બનવા ઝંખે છે; પણ જડ ને સંવેદનહીન સમાજનો લોકાપવાદ સહન કરવાની એની તૈયારી નથી. કદાચ સૂરજને એથી વધારે હડધૂત થવું પડશે એમ માનીને તે ચૂપ રહે છે. ક્યારેક મદદ કરીને આધાર બનનારા ચિમન પ્રત્યે સૂરજને અપાર લાગણી છે, પણ એ ઠીંગરાઈને-હિજરાઈને રહી જાય છે. દીકરીનું ગોઠવાયેલું લગ્ન અચાનક ફોક થતાં સૂરજ હામ હારી બેસે છે; એની સહન - શક્તિની સીમા આવી જાય છે. આખરે માદીદીકરી કેરોસીન છાંટીને સળગી મરે છે. સૂરજને લેખકે આવા એક પછી એક કપરા અનુભવમાંથી પસાર કરી છે, આથી એની સઘન વેદના ઊપસી રહે છે. ઉપદેશક બન્યા વિના લેખકે

અહીં કૃતિને માનવ અને સંવેદનની સીમાઓ સાથે ખૂલવા-ઊકલવા દીધી છે. પાત્રોચિત ને ભાવોચિત ભાષા અહીં સાહજિક બળકટતા પ્રગટાવી શકી છે. એમની ખુદની અન્ય નવલકથાઓમાં પણ આટલી કલાભિમુખતા વિરલ જોવાય છે. ( -મણિલાલ પટેલ)

**લોહીની સગાઈ :** ઈશ્વર પેટલીકરની પ્રસિદ્ધ ટૂંકીવાર્તા. અહીં ગાંડી દીકરી પરત્વેની માતૃત્વની ઉત્કટતાનું છેવટે ઉન્મત્તતામાં થતું પરિવર્તન લક્ષ્ય બન્યું છે. ( -ચંદ્રકાન્ત ટોપીવાળા)

**લોકસાગરને તીરેતીરે (૧૯૫૪) :** સમાજમાંથી મળેલાં પાત્રો અને પ્રસંગોને રજૂ કરતું ઈશ્વર પેટલીકરનું પુસ્તક. પહેલો ખંડ સત્તર પાત્રોનો છે; એમાંથી ઘણાંખરાં સ્ત્રીપાત્રો છે. એનું લેખન લગ્ન, પ્રેમ, સાસરાના પ્રશ્નોની આસપાસ થયું છે. બીજો ખંડ સિત્તેર પ્રસંગોનો છે. સામાજિક, રાજકીય, ધાર્મિક પ્રવાહોનું એમાં નિશ્લેષણ નિરીક્ષણ છે. પ્રજાની નબળાઈઓ અને સમાજની બદીઓનાં આ ચિત્રણો પાછળ સુધારણાનું ધ્યેય છે. લોકહિતચિંતક તરીકે આ લેખક પાત્રો ને પ્રસંગોને કોઈ પણ કલાઘાટ આપવાની ખેવના કર્યા વગર સીધેસીધાં રજૂ કરે છે, તેમ છતાં વાર્તાતત્ત્વ ક્યાંક ક્યાંક નોંધપાત્ર બન્યું છે. ( -ચંદ્રકાન્ત ટોપીવાળા)

**મારી હૈયાસગડી – ભા.૧-૨ (૧૯૫૦) :** નારીના અણપ્રીછયા કરુણજીવનનો ખ્યાલ આપતી ઈશ્વર પેટલીકરની સમસ્યાપ્રધાન નવલકથા. ચિત્રલેખા પુરુષત્વહીન ગાંડા પતિ અને કામી જેઠ વચ્ચે ઝઝૂમી છેવટે સુધારક જયંતિલાલ સાથે પરણે છે અને એમ છેવટ સુધી પુરુષનું રમકડું નહીં બનીને સળગતી હૈયાસગડીમાં લાંબો સમય શેકાય છે એની આ કથા છે. બાળલગ્ન અને નારી તરફની ચોક્કસ સમાજવૃત્તિમાંથી જન્મતા અનિષ્ટાનું અહીં નિરૂપણ છે. કથા નાયિકામુખે કહેવાયેલી છે છતાં લેખકનો અવાજ એમાં સ્પષ્ટ વર્તાય છે. માવજત સાદી, સરલ અને દસ્તાવેજી છે. ( -ચંદ્રકાન્ત ટોપીવાળા)

આ પ્રકારની વધૂ જનરલ નોલેજ ની ફાઇલ ડાઉનલોડ કરવા માટે અમારી વેબ સાઇટ www.tethtatguru.com ની મુલાકાત લો.

# અશ્વિની ભટ્ટ

## અશ્વિની ભટ્ટ



અશ્વિની ભટ્ટ

| | |
|---|---|
| જન્મની વિગત | ૧૨ જુલાઇ, ૧૯૩૬<br>અમદાવાદ |
| મૃત્યુની વિગત | ૧૦ ડિસેમ્બર, ૨૦૧૨<br>ડલ્લાસ, યુ.એસ.એ. |
| મૃત્યુનું કારણ | હૃદયરોગનો હુમલો |
| રાષ્ટ્રીયતા | ભારતીય |
| નાગરીકતા | ભારતીય |
| વ્યવસાય | લેખક |
| ધર્મ | હિંદુ |
| જીવનસાથી | નિતી ભટ્ટ |
| સંતાન | નીલ ભટ્ટ |
| માતા-પિતા | શારદાબેન, હરપ્રસાદ ભટ્ટ |

ટેટ,એચ.ટાટ જેવી પરીક્ષાઓની સંપૂર્ણ તૈયારી માટે અમારી વેબ સાઇટ www.tethtatguru.com ની મુલાકાત લો.

**અશ્વિની ભટ્ટ** (જન્મ: જુલાઇ ૧૨, ૧૯૩૬, મૃત્યુ: ડિસેમ્બર ૧૦, ૨૦૧૨) ગુજરાતી ભાષાનાં જાણીતા અને લોકપ્રિય નવલકથાકાર અને અનુવાદક હતાં. તેમની નવલકથાઓ વિવિધ સામયિકો અને દૈનિક સમાચારપત્રોમાં હપ્તાવાર પ્રકાશિત થઇ હતી.

## જીવન

તેમનો જન્મ શિક્ષણશાસ્ત્રી હરપ્રસાદ ભટ્ટ અને શારદાબેન ભટ્ટને ત્યાં ૧૨ જુલાઇ, ૧૯૩૬ના રોજ અમદાવાદ ખાતે થયો હતો. તેઓ માનસશાસ્ત્રમાં સ્નાતક થયા. તેઓ રંગભૂમિમાં રસ ધરાવતા હતા અને બાળ કલાકાર તરીકે બંગાળી નાટક *બિંદુર છેલ્લે (બિંદુનો કિકો)* માં કામ કરેલું. તેઓ લેખક તરીકેની કારકિર્દી પહેલાં મરઘાં ફાર્મથી માંડીને શાક-ભાજીના વેપાર જેવાં સંખ્યાબંધ વ્યવસાયમાં નિષ્ફળ ગયા હતા. ૨૦૦૨માં તેઓ અમેરિકા સ્થાયી થયા હતા. તેઓ ૧૦ ડિસેમ્બર, ૨૦૧૨ ના રોજ ડલ્લાસ, ટેક્સાસ, અમેરિકા ખાતે મૃત્યુ પામ્યા.

તેઓ થોડો સમય નર્મદા બચાઓ આંદોલન સાથે પણ જોડાયેલા હતા.

## સર્જન

અશ્વિની ભટ્ટે ૧૨ નવલકથાઓ અને ૩ નવલિકાઓ લખેલી છે. તેમણે એલિસ્ટર મેકલિન અને જેમ્સ હેડલી ચેઇઝનાં સંખ્યાબંધ પુસ્તકોનો ગુજરાતીમાં અનુવાદ કર્યા છે. તેમણે લેરી કોલિન્સ અને ડોમિનિક લેપાયરના *ફ્રીડમ એટ મિડનાઇટ* પુસ્તકનો ગુજરાતીમાં *અરધી રાતે આઝાદી* નામે અનુવાદ કર્યો છે, જેની ઘણી પ્રસંશા થઇ છે.

નવલકથાઓ લખવાની સાથે તેઓ રંગભૂમિ સાથે સંકળાયેલા હતા. તેમની *કટિબંધ* નવલકથા ટીવી ધારાવાહિક રૂપે પ્રસારિત થઇ હતી.

### નવલકથા

| નામ | વર્ષ |
|---|---|
| અંગાર ભાગ ૧-૨-૩ | ૧૯૯૩ |
| આખેટ ભાગ ૧-૨-૩ | |
| આશકા માંડલ | |
| ઓથાર ભાગ ૧-૨ | |
| કટિબંધ ભાગ ૧-૨-૩ | ૧૯૯૭ |

| નામ | વર્ષ |
|---|---|
| ફાંસલો ભાગ ૧-૨ | |
| નીરજા ભાર્ગવ | |
| લજ્જા સન્યાલ | |
| શૈલજા સાગર | |

**લઘુનવલ**

| નામ | વર્ષ |
|---|---|
| કમઠાણ | |
| કસબ | |
| કરામત | |
| આયનો | |

**ટેટ-૧ , ટેટ-૨ . એચ.ટાટ, ટાટ,, પોલીસ કોન્સ્ટેબલ, ક્લાર્ક તથા અન્ય પરિક્ષાઓની તૈયારી માટે તથા પ્રાથમિક શાળાના શિક્ષકો માટે જનરલ નોલેજ વધારવા ખાસ ઉપયોગી ઓનલાઇન એન્ડ્રોઇડ એપ્લીકેશન ડાઉનલોડ કરવા Play Store મા TET HTAT GURU લખી સર્ચ કરો. અને પરિક્ષાની મહતમ તૈયારી કરો**

Team Tet Htat Guru  Visit us at :: www.tethtatguru.com
આ પ્રકારની વધૂ જનરલ નોલેજ ની ફાઇલ ડાઉનલોડ કરવા માટે અમારી વેબ સાઇટ www.tethtatguru.com ની મુલાકાત લો.

## અનુવાદ

| નામ | મૂળ પુસ્તક | મૂળ લેખક | વર્ષ |
|---|---|---|---|
| અરધી રાતે આઝાદી | ફ્રીડમ એટ મિડનાઇટ | લેરી કોલિન્સ અને ડોમિનિક લેપાયર | |
| ધ લાસ્ટ ફ્રન્ટિયર | ધ લાસ્ટ ફ્રન્ટિયર | એલિસ્ટર મેકલિન | |
| ધ ગન્સ ઓફ નેવેરોન | ધ ગન્સ ઓફ નેવેરોન | એલિસ્ટર મેકલિન | |
| પપેટ ઓન અ ચેઇન | પપેટ ઓન અ ચેઇન | એલિસ્ટર મેકલિન | |
| ધ ગેઇમ ઇઝ અપ | | | |
| સી વિચ (પોકેટ બુક) | સી વિચ | એલિસ્ટર મેકલિન | |
| સર્કસ | સર્કસ | એલિસ્ટર મેકલિન | |
| ગુડ બાય કેલિફોર્નિયા | ગુડ બાય કેલિફોર્નિયા | એલિસ્ટર મેકલિન | |
| આઇસ સ્ટેશન ઝીબ્રા | આઇસ સ્ટેશન ઝીબ્રા | એલિસ્ટર મેકલિન | |
| બીઅર અ◌ાઇલેન્ડ | બીઅર અ◌ાઇલેન્ડ | એલિસ્ટર મેકલિન | |
| ગોલ્ડન રેન્ડેવુ | ગોલ્ડન રેન્ડેવુ | એલિસ્ટર મેકલિન | |

ટેટ,એચ.ટાટ જેવી પરીક્ષાઓની સંપૂર્ણ તૈયારી માટે અમારી વેબ સાઇટ www.tethtatguru.com ની મુલાકાત લો.

| નામ | મૂળ પુસ્તક | મૂળ લેખક | વર્ષ |
|---|---|---|---|
| ફીયર ઇઝ ધ કી | ફીયર ઇઝ ધ કી | એલિસ્ટર મેકલિન | |
| શેતાન બગ | ધી સે'ટન બગ | એલિસ્ટર મેકલિન | |
| એચ. એમ. એસ. યુલિસીસ | એચ. એમ. એસ. યુલિસીસ | એલિસ્ટર મેકલિન | |

**અન્ય**

| નામ | પ્રકાર | વર્ષ |
|---|---|---|
| આક્રોશ અને આકાંક્ષા | નિબંધ | |
| રમણ ભમણ | નાટક | |

ટેટ-૧ , ટેટ-૨ . એચ.ટાટ, ટાટ,, પોલીસ કોન્સ્ટેબલ, ક્લાર્ક તથા અન્ય પરિક્ષાઓની તૈયારી માટે તથા પ્રાથમિક શાળાના શિક્ષકો માટે જનરલ નોલેજ વધારવા ખાસ ઉપયોગી ઓનલાઇન એન્ડ્રોઇડ એપ્પ્લીકેશન ડાઉનલોડ કરવા Play Store મા TET HTAT GURU લખી સર્ચ કરો. અને પરિક્ષાની મહતમ તૈયારી કરો.

આ પ્રકારની વધૂ જનરલ નોલેજ ની ફાઇલ ડાઉનલોડ કરવા માટે અમારી વેબ સાઇટ www.tethtatguru.com ની મુલાકાત લો.